જ્યાં Measuring devices ની વ્યવસ્થા હોય ત્યાં સહભાગી સિંચાઇ વ્યવસ્થા અંતર્ગત પાણી વપરાશકાર મંડળીઓને આપવાના સિંચાઇના પાણીના જથ્થા આધારીત દરો નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ઠરાવ ક્રમાંક:સીએમઇ/૨૦૦૯/૪૪૨૫/૧૫/પી

સચિવાલય, ગાંધીનગર.

તા. ૪/ ૧૧ /૨૦૦૯

વંચાણે લીધા:-

(૧) નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ડબલ્યુટીઆર /૨૦૦૫/૪૧/પી, તા.૩-૨-૨૦૦૭

(૨) નર્મદા અને જળસંપત્તિ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપીઆઇએમ/૧૦૯૫/૨/(૨)/સી-૧., તા.૨૨-૧૧-૧૯૯૫.

(૩) નર્મદા અને જળસંપત્તિ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆઇએમ/૧૦૯૭/સી-૧૪૮/સી-૧., તા.૩૦-૯-૧૯૯૭

પુર્વભુમિકા

નર્મદા અને જળસંપત્તિ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ(૨) સામે દર્શાવેલ તા.૨૨-૧૧-૯૫ના ઠરાવથી સહભાગી સિંચાઇ વ્યવસ્થાના અમલીકરણ માટે સરકાર અને ખેડૂત મંડળીઓ વચ્ચે કરવાના કરાર અંગેના સમજૂતિના કરારનામાને આખરી સ્વરૂપ આપવામાં આવેલ. સમજૂતીના કરારનામાના પેરા-૫ અનુસાર, સરકારી સિંચાઇ યોજનામાંથી જે પાણી મંડળીને આપવામાં આવશે તેના દર શરૂઆતમાં પાક વિસ્તાર પ્રમાણે વસૂલ કરવામાં આવશે. પછીના ત્રણ વર્ષના સમયગાળામાં પાક વિસ્તાર આધારિત દરને બદલે જથ્થા આધારિત દરનો તબક્કાવાર અમલ કરવામાં આવશે તેમ નક્કી કરવામાં આવેલ. વધુમાં, સમજુતિના કરારનામાના ફકરા-૧૬માં નક્કી કર્યા મુજબ જથ્થા આધારિત પાણીના દર પ્રવર્તમાન પાક વિસ્તાર આધારિત સરકારી દર કરતા વધવા જોઇએ નહીં. આ પાછળનો મુખ્ય હેતુ એ હતો કે જથ્થા આધારિત દર મુજબ પાણી આપવામાં સરકારને નુકસાન થવું જોઇએ નહીં અને સાથેસાથે તે જ વખતે ખેડૂતો પાણી વપરાશકાર મંડળીઓ બનાવે ત્યારે તેમને જથ્થા આધારિત પાણીના દરના કારણે વધારે દર આપવા ફરજ પડે નહીં.

અનુસંધાને, ખેડૂત મંડળીઓને આપવાના સિંચાઇના પાણીના જથ્થા આધારીત દરોની ગણતરી કરવા માટે નક્કી કરવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંકઃ(૩) સામે દર્શાવેલ તા.૩૦-૯-૧૯૯૭ના ઠરાવથી જરૂરી માર્ગદર્શક સૂચનો પ્રસિદ્ધ કરવામાં આવેલ.

- પાછળ -

સદર માર્ગદર્શિકાના મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

(૧) આખી યોજનાના વિસ્તારમાં જો પાક પધ્ધતિ મુખ્યત્વે એક સરખી હોય તો મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓ માટેના જથ્થા આધારિત દરો યોજનાના સમગ્ર વિસ્તાર માટે એકસમાન હોવા જોઇએ.

(૨) મોટી યોજનાઓમાં, યોજનાના સમગ્ર વિસ્તારમાં પાક પધ્ધતિ, જમીનોની પ્રત, પાણીની જરૂરિયાત વગેરે જો મોટે ભાગે એક સરખા હોય તો યોજનાના સમગ્ર વિસ્તાર માટે જથ્થા આધારિત દરો એક સમાન રાખી શકાય. પરંતુ જો પરિસ્થિતિ તેમ ન હોય તો યોજનાના અલગ અલગ વિસ્તાર માટે જથ્થા આધારિત દરો જુદા જુદા રાખી શકાય.

(૩) સમગ્ર યોજના કે તેના ભાગમાં પ્રવર્તમાન પાક પધ્ધતિ અને પાણી વપરાશના આધારે જથ્થા આધારિત દરો ખરીફ, રવિ અને ઉનાળુ એટલે કે ત્રણેય ઋતુ માટે અલગ અલગ નક્કી કરવા. આ દરો છેલ્લા ચાર વર્ષના ઋતુવાર સિંચાઇની કાર્યસિધ્ધિ આંકડાઓ પરથી દરેક ઋતુ ખરીફ, રવી અને ઉનાળુ માટે સરેરાશ એવી રીતે નક્કી કરવા કે જેથી સરકારને નુકસાન થાય નહીં.

(૪) દરેક યોજના કે તેના ભાગ માટેના જથ્થા આધારિત દરો જે તે અ.ઇ.શ્રીએ નક્કી કરી સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

(૫) કોઇપણ યોજના કે તેના ભાગ માટે આ રીતે નક્કી કરવામાં આવેલ જથ્થા આધારિત દરોને એક જ વખતે મંજૂરી આપવામાં આવશે અને તે દરો જે તે યોજનાના ભાગને લાગુ પડશે.

(૬) ઉપરોકત રીતે નક્કી કરેલા જથ્થા આધારિત દરો, પ્રવર્તમાન પાક વિસ્તાર પ્રમાણેના ભાવો જયાં સુધી સુધારવામાં ન આવે ત્યાં સુધી લાગુ પડશે. પાક વિસ્તાર પ્રમાણેના ભાવોના સુધારાના કારણે જથ્થા આધારિત નક્કી કરવામાં આવેલા દરોમાં પણ યોગ્ય સુધારો કરવો જરૂરી થશે.

ત્યારબાદ, આ વિભાગના પત્ર ક્રમાંકઃડબલ્યુટીઆર/૨૦૦૪/૭/પી, તા.૧૬-૩-૨૦૦૪ થી નિયામકશ્રી(ગેરી) અને મુખ્ય ઈજનેરશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા તથા અધીક્ષક ઈજનેરશ્રી, મધ્યસ્થ આલેખન તંત્ર, ગાંધીનગરને રાજયમાં સિંચાઇ પાણીના જથ્થા આધારિત દરો નક્કી કરવા (વોલ્યુમેટ્રીક પધ્ધતિ દાખલ કરવા) અંગેના એકશન પ્લાનના ભાગરૂપે ગેરીના તાબામાં કોરગૃપની રચના કરવા જણાવેલ. અને તેનો અહેવાલ સરકારશ્રીમાં સત્વરે સાદર કરવા જણાવવામાં આવેલ.

<u>કોરગૃપનો અભ્યાસ અહેવાલ.</u>

આ વિભાગના પત્ર ક્રમાંકઃ ડબલ્યુટીઆર/૨૦૦૪/૭/પી, તા.૧૬-૩-૨૦૦૪ થી નિયામકશ્રી, ગેરીની અધ્યક્ષતામાં અધીક્ષક ઇજનેરશ્રી, મધ્યસ્થ આલેખન તંત્ર., સંયુકત નિયામકશ્રી ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, બંધ સુરક્ષા તંત્ર-વાલ્મી, આણંદ તેમજ ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર (ડી.એસ.સી.), અમદાવાદના પ્રતિનિધિનો સમાવેશ કરતું કોરગૃપ રચવાની સૂચના આપવામાં આવેલ. તદનુસાર, સંયુક્ત નિયામકશ્રી, બંધ સુરક્ષા તંત્ર, ગેરીના હુકમ ક્રમાંકઃગેરી/(બંસુ)/

એન/૮૭/0૪ તા.૭-૪-૨00૪ થી નિયામકશ્રી, ગેરીની અધ્યક્ષતા હેઠળ એક કોરગૃપની રચના કરવામાં આવી હતી.

સદર કોરગૃપની પ્રથમ બેઠક તા.૧૫-૫-૨00૪, દ્વિતીય બેઠક તા.૧૫-૯-૨00૫ અને આખરી બેઠક તા.૧૫-૧૦-૨00૮ ના રોજ મળી હતી.

સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંકઃડબલ્યુટીઆર/૨00૫/૪૧/પી, તા.૩-૨-૨00૭ થી બહાર પાડવામાં આવેલ છે. તે ઠરાવના ફકરા-અ(૧) તથા (૨)માં નીચે પ્રમાણે જોગવાઇ રાખવામાં આવેલ છે.

**(અ) ખેતી વિષયક હેતુઓ (વહેણ સિંચાઇ તથા ઉદ્દવહન સિંચાઇ) માટે અપાતા પાણીના દરોઃ**

૧. ખરીફ, રવિ, ઉનાળુ તથા બે મોસમી પાકો માટેઃ
   રૂા.૧૬૦/- પ્રતિ પાણ, પ્રતિ હેકટર

૨. બારમાસી પાકો માટેઃ
   રૂા.૩૦૦/- પ્રતિ પાણ, પ્રતિ હેકટર

ઉદ્દવહન સિંચાઇના દરોમાં જે ઉત્તરોત્તર વધારો થાય તે વધારો આમાં પણ લાગુ પડશે. આ જ રીતે સરકારની પૂર્વમંજૂરીથી અન્ય હેતુઓ માટે પાણી લેવામાં આવે તો જે તે હેતુ માટેના આ ઠરાવથી નિયત થયેલ દર લાગુ પાડવાના રહેશે.

**કોરગૃપની સર્વાનુમતે નક્કી થયેલ મુખ્ય ભલામણો નીચે મુજબ છેઃ**

૧. એકંદરે વ્યાજબીપણે મંડળી તરફથી પાણીની વહેંચણીનું નિયમન કરવામાં આવે તો એકંદર પરિસ્થિતિ મુજબ દરેક પિયતે ૧૦ સે.મી. ઉંડાઇનું પાણી (ડેલ્ટા) માઇનોર હેડ પરથી આપવાનું થાય. આથી માઇનોર હેડ પર ૧૦ સે.મી.ના ડેલ્ટાને લક્ષમાં લઇને તથા ઉપરોકત સરકારશ્રીના તા.૩-૨-૨00૭ના ઠરાવના ફકરા-અ(૧)ના ખરીફ, રવિ, ઉનાળુ તથા બેમોસમી પાકો માટેના રૂા.૧૬૦/- પ્રતિ પાણ, પ્રતિ હેકટર ગણત્રીમાં લેતાં માઇનોર હેડ પર આપવા પડતાં પ્રતિ ૧૦ ઘન મીટર પાણીના જથ્થા માટે રૂા.૧.૬૦ (અંકે રૂપિયો એક અને સાઇઠ પૈસા પુરા) નો દર આવે. આ દરને પાયાના દર તરીકે ગણવો અને તા.૩-૨-૨00૭ના સરકારશ્રીના ઠરાવ મુજબ તા.૧-૧-૨00૭ થી તે અમલમાં આવે તે પ્રમાણે તથા તા.૩-૨-૨00૭ના ઠરાવમાં દર્શાવેલ શરતો અમલમાં રહે તે પ્રમાણે લાગુ પાડવી.

૨. મંડળી તરફથી જે તે પાણ (Watering) દરમિયાન વધુ પાણી વપરાય તે પરિસ્થિતિમાં ૧૦ સે.મી. ડેલ્ટાથી વધુ પાણીનો જથ્થો આપી જ ન શકાય તે પ્રમાણે નિયંત્રિત ન કરતાં જો ૧૦ સે.મી. ડેલ્ટાથી વધુ પાણીનો વપરાશ થાય તો આવા વધુ વપરાશ માટે લેવાનાર પાણી માટે મંડળીએ ભોગવવાનો દર ૫૦% વધુ આકારીએ અને આથી ૧૦ સે.મી. ડેલ્ટાથી વધુ પાણીનો જથ્થો પ્રતિ પાણે મંડળીને આપવાનો થાય ત્યારે તેને માટેનો દર રૂા.૨.૪૦ પ્રતિ ૧૦ ઘન મીટર રાખવો. આ દર આકારતા સમયે પણ અગાઉ જણાવ્યા પ્રમાણે તા.૩-૨-૨00૭ના સરકારશ્રીના ઠરાવની શરતો/જોગવાઇઓ તથા અમલીકરણની તારીખ યથાવત રીતે લાગુ પાડવાની રહે.

3. પાણીની વહેંચણીની વ્યવસ્થામાં ઉપરોકત પાણીનો જથ્થો મંડળીને આપતી વખતે માઇનોર હેડ પર નોંધવાનો છે. આમ, રીઝર્વોયરથી માઇનોર હેડ સુધી કન્વેયન્સ લોસ સહિતના જે કાંઇ લોસ આવે તે સરકારશ્રીએ ભોગવાના રહે તથા માઇનોર હેડ પછીના વોટર લોસ આવે તે ખેડૂત મંડળીઓએ ભોગવવાના રહે.
૪. સદર બાબતે ખાતાના અધિકારીશ્રીઓને, સિંચાઇ મંડળીઓને અને સ્વૈચ્છિક સંસ્થાઓને તાલીમ આપવાની કામગીરી મુખ્યત્વે વાલ્મી, આણંદ હસ્તક હોઇ તે પ્રમાણે તાલીમ આપવાની કામગીરી વાલ્મી, આણંદ દ્વારા ચાલુ રાખવી.

<u>ઠરાવ :</u>

સમગ્ર કાર્યવાહીને અંતે કોરગૃપ દ્વારા કરવામાં આવેલ ભલામણો ઉપર કાળજીપૂર્વક વિચારણા કરતાં, જ્યાં Measuring devices ની વ્યવસ્થા હોય ત્યાં જ રાજયમાં સિંચાઇ પાણીના જથ્થા આધારિત દરો નક્કી કરવા સંબંધે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) ખરીફ, રવી, ઉનાળુ, બે મોસમી કે બારમાસી પાકો માટે પાક દીઠ નહીં પરંતુ પ્રત્યેક વોટરીંગ(પાણ) માટે ૧૦ સે.મી. ડેલ્ટાની મર્યાદામાં પાણીનો જથ્થો આપવાનો રહેશે.

(૨) વિભાગના તા.3-૨-૨૦૦૭ના ઠરાવ અનુસાર, તા.૧-૧-૨૦૦૭ થી ખરીફ, રવી અને ઉનાળુ તથા બે મોસમીના પાકો માટેના વહેણ સિંચાઇના ભાવ રૂા.૧૬૦ પ્રતિ પાણના ભાવને ગણતરીમાં લેતાં પ્રતિ ૧૦ ઘનમીટર પાણીના જથ્થાનો ભાવ ૧.૬૦ રૂા. રહેશે.

(3) તા.3-૨-૨૦૦૭ના ઠરાવ અનુસાર ઉપરોકત દરોમાં પ્રતિ વર્ષ ૭.૫૦% નો ઉત્તરોત્તર દર વધારો કરવાનો રહેશે. જે પ્રમાણે દરો નીચે મુજબ રહેશે.

| સમય ગાળો | પાણીના દર |
|---|---|
| ૧-૧-૨૦૦૭ થી ૧૫-૬-૨૦૦૭ | રૂા. ૧.૬૦ પ્રતિ ૧૦ ઘનમીટર પાણી |
| ૧૬-૬-૨૦૦૭ થી ૧૫-૬-૨૦૦૮ | રૂા. ૧.૭૨ પ્રતિ ૧૦ ઘનમીટર પાણી |
| ૧૬-૬-૨૦૦૮ થી ૧૫-૬-૨૦૦૯ | રૂા. ૧.૮૫ પ્રતિ ૧૦ ઘનમીટર પાણી |
| ૧૬-૬-૨૦૦૯ થી ૧૫-૬-૨૦૧૦ | રૂા. ૧.૯૯ પ્રતિ ૧૦ ઘનમીટર પાણી |

(૪) પાણીની વહેંચણીની વ્યવસ્થામાં પાણીનો જથ્થો મંડળીને આપતી વખતે માઇનોર હેડ પર નોંધવાનો છે. આમ, રીઝર્વોયરથી માઇનોર હેડ સુધી કન્વેયન્સ લોસ સહિતના જે કંઇ લોસ આવે તે સરકારશ્રીએ ભોગવવાના રહે છે.

(૫) પાણીની વહેંચણીની વ્યવસ્થામાં પાણીનો જથ્થો મંડળીને આપતી વખતે માઇનોર હેડ પછીના વોટર લોસ આવે તે ખેડૂત મંડળીઓએ ભોગવવાના રહેશે.

(૬) પાણીનો જથ્થો નક્કી કરવા માટે સિઝન શરૂ થાય તે પહેલાં ખેડૂત મંડળીઓએ નક્કી કરવામાં આવે તેવા સંબંધિત વિસ્તાર માટે આગોતરા પિયાવાની રકમ ભરીને નિયમોનુસાર જરૂરી અરજી કરવાની રહેશે. આ રીતે મળેલ અરજી અનુસંધાને ૧૦ સે.મી. ડેલ્ટા ગણીને જથ્થો નક્કી કરવાનો રહેશે અને તેટલા જ વિસ્તારમાં પાણીના ખરેખર થયેલ વપરાશને ધ્યાને લઇને બિલ આકારવાના રહેશે.

(૭) બાકી લેણાં પર વાર્ષિક ૧૨% લેખે સાદુ વ્યાજ લેવાનું રહેશે.

(૮) આ સંબંધે ખાતાના અધિકારીશ્રીઓને, સિંચાઇ મંડળીઓને અને સ્વૈચ્છિક સંસ્થાઓને તાલીમ આપવાની કામગીરી વાલ્મી, આણંદે ચાલુ રાખવાની રહેશે.

(૯) આ પધ્ધતિનો પ્રયોગાત્મક રીતે અમલ તા.૩૧-૧૨-૨૦૧૦ સુધી કરવાનો રહેશે.

(૧૦) દરેક પાયલોટ પ્રોજેકટ કે જ્યાં આ રીતે જથ્થા આધારિત પાણીના દરોની આકારણી કરવામાં આવે ત્યાં ગુણવત્તા નિયમન તંત્ર દ્વારા પાણીના વપરાશી જથ્થા અને તે સામે મળનાર આવકનું Cross Checking કરવાનું રહેશે.

(૧૧) હાલના સિંચાઇના દર પ્રમાણેની થતી આવક અને પાણીના વપરાશી જથ્થાનો તેમજ આ પધ્ધતિથી ઉપાડવામાં આવતા પાણીના જથ્થા અને આવકની સરખામણી થઇ શકે તે રીતે દરેક કચેરીએ આ બાબતના સ્પષ્ટ રેકર્ડ નિભાવવાનો રહેશે અને દર મહિને તે રેકર્ડને અદ્યતન કરી અધીક્ષક ઇજનેરશ્રીઓએ દરેક માસની ૧૦મી તારીખ સુધીમાં આગળના પુરા થતાં માસ સુધીના આવક અને વપરાશી જથ્થાની સરખામણી દર્શાવતી વિગતો વિભાગને અચૂકપણે મોકલવાની રહેશે.

સિંચાઇના હેતુઓ માટે ઉપાડવામાં આવતા પાણીના જથ્થાને માન્ય કંપની/સંસ્થાના વોટરમીટર(Measuring Devices)થી માપવાની જ્યાં વ્યવસ્થા કરવામાં આવેલ હોય, માત્ર ત્યાં જ ઉપર જણાવેલ પધ્ધતિ મુજબના જથ્થા આધારિત દરો (Volumetric Rates) લાગુ પાડવાના રહેશે.

આ ઠરાવ નાણાં સલાહકારશ્રીની તા. ૩/૭/૨૦૦૯ની નોંધથી મળેલ સંમતિથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી.એન.પટેલ)
ઉપસચિવ(જળસંપત્તિ)
નર્મદા,જ.સં.પા.પુ.અને કલ્પસર વિભાગ

પ્રતિ,

(૧) નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

(૨) માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૩) તમામ માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) તમામ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૫) માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

(૬) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ સચિવશ્રીઓના અંગત સચિવશ્રી ,સચિવાલય, ગાંધીનગર.

(૭) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર

(૮) વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૯) વિભાગના સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ,
**(તેઓશ્રીના કાર્યક્ષેત્ર હસ્તકના તમામ કાર્યપાલક ઇજનેરશ્રીઓ, કર્મચારીશ્રીઓ, ખેડૂત મંડળીઓ વગેરે સહિત સંબંધિત સર્વેને પરિપત્રિત કરવા સારૂ)**

(૧૦) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

(૧૧) માહિતી નિયામકશ્રી, માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૧૨) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિ ભવન, સેકટર-૧૦, ગાંધીનગર.

(૧૩) નિયામકશ્રી, વોટર એન્ડ લેન્ડ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટ, આણંદ

(૧૪) નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા

(૧૫) તમામ કલેકટરશ્રીઓ.

(૧૬) તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

(૧૭) નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ પ્રોજેકટ શાખાઓ/ નાણાં શાખાઓ.

(૧૮) મુખ્ય માહિતી અધિકારીશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ( આ પરિપત્ર આ વિભાગની વેબસાઇટમાં મૂકવા સારૂ)

(૧૯) સિલેકટ ફાઇલ.